# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 06/06/2026** **EVENING: 7.50 TO 8.00 PM**

**DAY: SATURDAY** **NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

**સૌ પ્રથમ મુખ્ય સમાચાર**

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ PM-આર્થિક સલાહકાર પરિષદની અધ્યક્ષતા કરી

2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની રહી છે

3) કેન્દ્ર સરકારે ખાદ્યતેલો માટે પ્રમાણભૂત પેકિંગ રજૂ કર્યા

4) કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ ભારતના યુવાનોને દેશની સૌથી મોટી તાકાત ગણાવી

5) ભારતીય પુરુષ હોકી ટીમે જાપાનને હરાવીને ત્રીજી વખત અંડર-18 એશિયા કપ જીત્યો

-----------------------------------------------------

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# EVE. PM EAC MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે PM-આર્થિક સલાહકાર પરિષદના સભ્યો સાથે બેઠકની અધ્યક્ષતા કરી. પ્રધાનમંત્રી અને EAC એ વૈશ્વિક ઉથલપાથલના સમયમાં ભારતના આર્થિક વિકાસને વધુ વેગ આપવા માટે વિવિધ વિચારો અને પગલાંઓની ચર્ચા કરી. જીવન જીવવાની સરળતા અને વ્યવસાય કરવાની સરળતા સુધારવા માટે વિવિધ સુધારાઓની પણ ચર્ચા કરવામાં આવી. સભ્યોએ પશ્ચિમ એશિયા સંઘર્ષની ભારત અને વિશ્વ પર અસરનું પોતાનું મૂલ્યાંકન પણ આપ્યું.

પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા સંદેશ માં, કહ્યું કે, તેમણે ભારતના આર્થિક પરિવર્તન અને લાંબા ગાળાના વિકાસ પ્રાથમિકતાઓ સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી. તેમણે સુધારા યાત્રામાં વધુ ગતિ ઉમેરવા અને જીવન જીવવાની સરળતા તેમજ વ્યવસાય કરવાની સરળતા સુનિશ્ચિત કરવા અંગેના દ્રષ્ટિકોણ પણ શેર કર્યા

# PM- PRAGG - SHAH - PRAGGNANANDHAA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નોર્વે ચેસ **2026**નો ખિતાબ જીતવા બદલ આર. પ્રજ્ઞાનંદાને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશ માં કહ્યું હતું કે આ નોંધપાત્ર સિદ્ધિ તેમની સતત શ્રેષ્ઠતાને પ્રતિબિંબિત કરે છે. પ્રધાનમંત્રીએ તેમના ભવિષ્યના પ્રયાસોમાં તેમને શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંધાને અભિનંદન પાઠવતા સોશિયલ મીડિયા સંદેશ માં કહ્યું કે, સમર્પણ, તેજસ્વી ચાલ અને વ્યૂહાત્મક વિચારસરણી દ્વારા પ્રાપ્ત પ્રજ્ઞાનંધાની જીતે દેશને ગૌરવ અપાવ્યું છે. તેમણે કહ્યું કે યુવા ચેસ સ્ટારની સિદ્ધિ દેશભરના યુવાનોને પ્રેરણા આપતી રહેશે.

# PM- FEROZEPUR

પંજાબના ફિરોઝપુર જિલ્લામાં થયેલા અકસ્માત પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઊંડો શોક વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયાસંદેશમાં તેમણે મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી. પ્રધાનમંત્રીએ મૃતકોના પરિવારોને રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી 2 લાખ રૂપિયા અને ઘાયલોને 50,000 રૂપિયાની સહાયની જાહેરાત કરી.

# RAJNATH - GDP GROWTH

સંરક્ષણ મંત્રી  રાજનાથ સિંહે જણાવ્યું હતું કે જ્યારે ઘણા દેશો આર્થિક અનિશ્ચિતતાઓનો સામનો કરી રહ્યા છે, ત્યારે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બની રહી છે. સાંભળીએ એક અહેવાલ –

**(BYTE - સરફિરોજી)**

# DAY. JAISHANKAR NEPAL MEET

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર નવી દિલ્હીમાં નેપાળના વિદેશ મંત્રી શિશિર ખાનલ સાથે વાતચીત કરશે. નેપાળના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આ બેઠકમાં વેપાર, રોકાણ, કનેક્ટિવિટી, ઉર્જા અને લોકો વચ્ચેના સંબંધો સહિતના મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવાના ઉદ્દેશ્ય સાથે પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે આ મુલાકાત ભારત અને નેપાળ વચ્ચેની ખાસ ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

# WB VAISHNAW RAILWAY PROJECTS

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે પશ્ચિમ બંગાળમાં લાંબા સમયથી પડતર રેલવે પ્રોજેક્ટ્સના ઉકેલથી રાજ્યમાં રેલવે માળખાગત વિકાસના નવા યુગની શરૂઆત થશે.

કોલકાતાના નબન્ના ખાતે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી સાથે સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન, શ્રી વૈષ્ણવે માહિતી આપી હતી કે વર્ષ 2026-27 માટે રેલવે બજેટમાં પશ્ચિમ બંગાળ માટે 14,205 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. રેલવે મંત્રીએ આગામી પાંચ વર્ષમાં કોલકાતા મેટ્રો માટે 60 નવી ટ્રેનો શરૂ કરવાની જાહેરાત કરી હતી.

# GOVT- EDIBLE OILS

કેન્દ્ર સરકારે લીગલ મેટ્રોલોજી ફ્રેમવર્ક હેઠળ ખાદ્યતેલો માટે પ્રમાણભૂત પેકિંગ રજૂ કર્યા છે, જે બજારમાં વધુ પારદર્શિતા અને એકરૂપતા લાવે છે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું હતું કે સુધારેલા નિયમો હેઠળ, પામ તેલ, પામોલિન, સોયાબીન તેલ, સૂર્યમુખી તેલ, સરસવનું તેલ, મગફળીનું તેલ, તલનું તેલ, ચોખાના ભૂસાનું તેલ, કપાસના બીજનું તેલ અને મકાઈનું તેલ સહિતના મુખ્ય ખાદ્યતેલો માટે પ્રમાણભૂત પેક કદ નિર્ધારિત કરવામાં આવ્યા છે. મંજૂર પેક કદ 200 ગ્રામ, 500 ગ્રામ, 1 થી 5 કિલો, 15 કિલો અને 20 કિલો છે.

# RS ELECTION: MP

મધ્યપ્રદેશમાં ભાજપના બંને ઉમેદવારો પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુઘ અને રજનીશ અગ્રવાલે આજે રાજ્યસભા ચૂંટણી માટે પોતાના ઉમેદવારીપત્રો ભર્યા. ભોપાલ વિધાનસભાના રિટર્નિંગ ઓફિસર સમક્ષ ઉમેદવારીપત્રો રજૂ કરવામાં આવ્યા.

આ પ્રસંગે પાર્ટીના વરિષ્ઠ નેતાઓ, મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ, ભાજપના પ્રદેશ પ્રમુખ હેમંત ખંડેલવાલ અને મંત્રી કૈલાશ વિજયવર્ગીય હાજર રહ્યા હતા. કોંગ્રેસે મંદસૌરના ભૂતપૂર્વ સાંસદ મીનાક્ષી નટરાજનને પોતાના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. મધ્યપ્રદેશમાંથી રાજ્યસભાની ત્રણ બેઠકો માટે ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૮ જૂન છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# EVE. MY BHARAT YOUTH-CONVENTION

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું છે કે ભારતના યુવાનો દેશની સૌથી મોટી તાકાત છે અને 2047 સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને પૂર્ણ કરવામાં અગ્રણી ભૂમિકા ભજવશે. આજે નવી દિલ્હીમાં 'યુથ ફોર અ ડેવલપ્ડ ઈન્ડિયા - માય ઈન્ડિયા યુથ કન્વેન્શન' ને સંબોધતા શ્રી માંડવિયાએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની સ્વૈચ્છિક યોગદાનની આકાંક્ષાઓ, વિચારો અને ભાવનાને શેર કરવા માટે દેશને આ પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે.

## (BYTE –MANSHUKH MANDAVIYA)

# CBSE

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ માર્ક વેરિફિકેશન અને રિ-મૂલ્યાંકન માટે અરજીઓ સબમિટ કરવાની અંતિમ તારીખ 7 જૂન સુધી લંબાવી છે. CBSE એ સોશિયલ મીડિયા સંદેશ માં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ હવે આવતીકાલે મધ્યરાત્રિ સુધી તેમની અરજીઓ સબમિટ કરી શકશે. અગાઉ, અંતિમ તારીખ 6 જૂન હતી. CBSE એ તમામ પાત્ર વિદ્યાર્થીઓને વિસ્તૃત સમયમર્યાદાને ધ્યાનમાં રાખીને, નિર્ધારિત સમયમર્યાદામાં અરજી પ્રક્રિયા પૂર્ણ કરવા અપીલ કરી છે

# SHEKHWAT - SOLAR CAPACITY

સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જણાવ્યું હતું કે છેલ્લા બાર વર્ષમાં ભારતની સૌર ઉર્જા ક્ષમતા 2.8 ગીગાવોટથી વધીને 155 ગીગાવોટ થઈ છે. શ્રી શેખાવતે આજે એક સોશિયલ મીડિયા સંદેશ માં જણાવ્યું હતું કે 40 લાખથી વધુ ઘરો સૌર ઉર્જાનો ઉપયોગ કરી રહ્યા છે. કૃષિ ક્ષેત્રમાં સૌર ઉર્જા ક્ષમતા બમણી થવી એ પ્રગતિ તેમજ પર્યાવરણીય સંરક્ષણનો પુરાવો છે.

# AAI-MOU

એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ દેશભરમાં હવાઈ મુસાફરો માટે કનેક્ટિવિટી મજબૂત કરવા માટે બે ખાનગી કેબ કંપનીઓ સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે.આ કરારો ભારતના મુખ્ય એરપોર્ટ પર મુસાફરોને સીમલેસ, સસ્તું અને વિશ્વસનીય કેબ સેવાઓ પ્રદાન કરશે, જે તેમની મુસાફરીને વધુ અનુકૂળ અને આરામદાયક બનાવશે, એમ ઓથોરિટીએ સોશિયલ મીડિયા સંદેશ માં જણાવ્યું હતું.

# IRAN WARNS TRUMP

ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનીના લશ્કરી સલાહકાર મોહસેન રેઝાઈએ અમેરિકા ના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ઇઝરાયલથી સ્વતંત્ર રીતે નિર્ણયો લેવા, હોર્મુંઝ સ્ટ્રેટની નાકાબંધી સમાપ્ત કરવા અને ઈરાનની જપ્ત કરાયેલી સંપત્તિઓને મુક્ત કરવા હાકલ કરી છે.

એક ટેલિવિઝન ચેનલ સાથેની મુલાકાતમાં રેઝાઈએ કહ્યું કે બંને પક્ષો વચ્ચે વાટાઘાટો અટકી ગઈ છે અને ટ્રમ્પે આ મડાગાંઠ તોડવી જોઈએ. તેમણે કહ્યું કે જો અમેરિકા ઈરાન સાથે સોદો ઇચ્છે છે, તો ઈરાનની જપ્ત કરેલી સંપત્તિઓને મુક્ત કરવી એ એક કસોટી છે જે અમેરિકાએ પાસ કરવી પડશે, અને તે પછી જ રસ્તો સ્પષ્ટ થશે

# FUR. REV. HOCKEY- U-18 ASIA CUP FINAL

હોકીમાં, ભારતીય પુરુષ ટીમે આજે કાકામિગહારામાં ફાઇનલમાં યજમાન જાપાનને 4-1થી હરાવીને ત્રીજી વખત અંડર-18 એશિયા કપ જીત્યો છે. ભારત માટે આશિષ પૂર્તીએ હેટ્રિક કરી ,જ્યારે કેપ્ટન કેતન કુશવાહાએ વિજેતા ટીમ માટે બીજો ગોલ કર્યો હતો. અગાઉ, ભારતીય મહિલા ટીમે દક્ષિણ કોરિયાને 3-0થી હરાવીને કાંશય ચંદ્રક જીત્યો હતો.

# BCCI SQUAD ANNOUNCEMENT

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ ઈંગ્લેન્ડ અને આયર્લેન્ડ સામેની T20 શ્રેણી માટે ભારતીય ટીમની જાહેરાત કરી છે. સૂર્યકુમાર યાદવના સ્થાને શ્રેયસ ઐયરને કેપ્ટન બનાવવામાં આવ્યા છે. તિલક વર્મા ઉપ-કેપ્ટન રહેશે.. IPL 2026માં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી વૈભવ સૂર્યવંશીને પહેલીવાર ટીમમાં સામેલ કરાયા છે